# રોઝાના ફઝાઈલ

(૧) રોઝું અલ્લાહ વાસ્તે છે અને અલ્લાહ રોઝે કયામત તેની જઝા આપશે.

(૨) જે મુજબ તે આગલા નબીઓની ઉમ્મત પર ફરઝ કરવામાં આવું હતું તે મુજબ રસૂલેકરીમ (સ.અ.વ.વ.) ની ઉમ્મત પર રમઝાનના ૩૦ દિનના રોઝા ફરઝ કરવામાં આવા છે.

(૩) નાનામાં નાનો તે અમલ કે જેથી રોઝું તમામ થાય છે, તે નેક નિય્યત, જમવા-પીવાથી દૂર રહેવું અને હરામ કામોથી પોતાને રોકવું છે.

(૪) ચાર શખ્સના રોઝા ઝાયેઅ અને બેકાર છે (૧) ઈમામનો નાફરમાન શખ્સ (૨) માલિકનો નાફરમાન નોકર (૩) મરદની નાફરમાન ઔરત (૪) વાલેદૈનનો નાફરમાન ફરઝંદ.

(૫) અલ્લાહતઆલા તે શખ્સના ગુનાહો મઆફ કરે છે અને જહન્નમના અઝાબથી આઝાદ કરે છે જે રોઝદારને રોઝા ઈફતારી કરાવે છે.

(૬) માહે રમઝાનનું રોઝું આતિશે જહન્નમથી ઢાલ છે.

(૭) અલ્લાહતઆલા મુમીન બંદાના ત્રણ કામોથી ઘણો ખુશ થાય છે (૧) તહજ્જુદની નમાઝ પઢવાથી (૨) પોતાના મુમીન ભાઈઓથી મોહબ્બત રાખવાથી અને (૩) રોઝા કરવાથી.

(૮) હર ચીઝની ઝકાત હોય છે અને તમારા જીસ્મની ઝકાત રોઝું છે.

(૯) સખ્ત હાલાતમાં રોઝું કરવું, તે જન્નત તરફ જાવાનો રસ્તો છે.

(૧૦) રોઝું અલ્લાહતઆલાથી કુરબત હાસિલ કરવાનો ઝરીઓ છે.

(૧૧) રોઝદારનું સુઈ જવું અલ્લાહતઆલાની ઈબાદત કીધા મુજબ છે અને તેના સાઁસની આમદો રફત અલ્લાહતઆલાની તસ્બીહ કીધા મુજબ છે.

(૧૨) રોઝદારને બે ખુશી હાસિલ થાય છે (૧) ઈફતાર કરવાને વક્ત અને (૨) મૌત બાદ અલ્લાહતઆલાથી તેના સવાબ વાસ્તે મુલાકાત કરવાને વક્ત.

(૧૩) રોઝદારના મૂઁહની બદબૂ કયામતના દિન કસ્તૂરી અને અંબર કરતા પણ પાકીઝા હશે.

(૧૪) અલ્લાહતઆલાએ ઈબાદતગુઝારની ત્રણ નિશાનીઓ મૂકી છે (૧) નમાઝ (૨) રોઝું અને (૩) ઝકાત.

(૧૫) રોઝદાર જે વક્ત સહેરી કરે છે તો અલ્લાહતઆલા તરફથી મગફેરતના ફરિશ્તાઓ સહેરી કરનાર શખ્સના ગુનાહો મઆફ કરે છે અને તે પર સલવાત પઢે છે. ★